Extra No. 79

©

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXV ]    WEDNESDAY, JULY 31, 2024 / SRAVANA 9, 1946**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી જુલાઈ, ૨૦૨૪

તારીખઃ ૩૧મી જુલાઈ, ૨૦૨૪ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૪ના ગુજરાત વટહુકમ ક્રમાંક : ૨-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**આર. આર. સોલંકી,**
સરકારના નાયબ સચિવ.

**ગૃહ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૩૧મી જુલાઇ, ૨૦૨૪

**GUJARAT ORDINANCE NO. 2 OF 2024.**

***AN ORDINANCE***

***further to amend the Gujarat Prohibition Act, 1949.***

**સન ૨૦૨૪નો ગુજરાત વટહુકમ ક્રમાંક : ૨.**

**ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ સુધારવા બાબત વટહુકમ.**

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી;

**સન ૧૯૪૯ નો મુંબઇનો ૨૫-મો.** અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઈ છે કે ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ સુધારવા માટે તાત્કાલિક પગલું લેવાનું તેમના માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૧૩ના ખંડ (૧)થી તેમને મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેનો વટહુકમ કરીને પ્રસિદ્ધ કરે છે:-

૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ.- (૧) આ વટહુકમ ગુજરાત નશાબંધી (સુધારા) વટહુકમ, ૨૦૨૪ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

**સન ૧૯૪૯ નો મુંબઇનો ૨૫-મો.** ૨. સન ૧૯૪૯નો મુંબઇનો ૨૫-મો અધિનિયમ હંગામી રીતે સુધારવા બાબત.- આ વટહુકમના અમલની મુદત દરમિયાન, ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે), કલમ ૩-માં નિર્દિષ્ટ કરેલા સુધારાને અધીન રહીને અમલમાં રહેશે.

૩. સન ૧૯૪૯ના મુંબઇના ૨૫-મા અધિનિયમની કલમ ૯૮નો સુધારો.- મુખ્ય અધિનિયમમાં, કલમ ૯૮માં, પેટા-કલમ (૨)માં, "પણ જપ્ત થયેલા દારૂનો જથ્થો નિયમોથી ઠરાવવામાં આવે તેનાથી વધુ હોય ત્યારે કોર્ટના આખરી ચુકાદા સુધી તેને બોન્ડ અથવા જામીન પર મુક્ત કરી શકાશે નહિ" એ શબ્દોને બદલે, "અને જપ્ત થયેલો દારૂનો જથ્થો, ઠરાવવામાં આવે તેટલા જથ્થા કરતા વધુ હોય, ત્યારે કોર્ટની પરવાનગી સાથે, ઠરાવવામાં આવે તે રીતે, (કોર્ટના) આખરી ચુકાદા પહેલા, આ રીતે સરકાર દાખલ કરેલા વાહનની હરાજી કરી શકાશે અને આવા કિસ્સામાં, નાયબ પોલીસ અધીક્ષક, આવી હરાજી માટેના સક્ષમ સત્તાધિકારી રહેશે" એ શબ્દો, અક્ષર અને કૌંસ મૂકવા.

**નિવેદન**

ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૯૮ની પેટા-કલમ (૨)ની વિદ્યમાન જોગવાઈથી, કોઇ કેફી પદાર્થ, ભાંગ-ગાંજા, મહુડાંના ફૂલો વગેરે લઇ જતા પશુઓ, ગાડાં, વહાણો અથવા બીજા વાહનો જેવી વસ્તુઓને જપ્ત કરવાની અને જપ્ત થયેલા દારૂનો જથ્થો, નિયમોથી ઠરાવ્યા પ્રમાણેના જથ્થા કરતા વધુ હોય, ત્યારે કોર્ટના આખરી ચુકાદા સુધી, બોન્ડ અથવા જામીન પર તેને મુક્ત કરવો જોઇશે નહિ તે માટેની જોગવાઇ કરી છે. આ સંદર્ભમાં, આ રીતે સરકાર દાખલ કરેલા વાહનો માલિકોને પરત કરી શકાતા નથી અને તે કેસના આખરી ચુકાદા સુધી પોલીસ સ્ટેશન અથવા કોર્ટ કંપાઉન્ડમાં વણવપરાયેલા પડી રહે છે અને આ સંજોગોમાં, વાહનોની સ્થિતિ બગડી જાય છે. આ પરિસ્થિતિને હલ કરવા માટે, સદરહુ પેટા-કલમ (૨) સુધારવાનું જરૂરી જણાયું છે જેથી કરીને, હરાજી મારફત આવા વાહનોનો નિકાલ કરી શકાય.

ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ સુધારવા માટે, ગુજરાત નશાબંધી (સુધારા) વટહુકમ, ૨૦૨૪ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગાંધીનગર.
તારીખ: ૨૬મી જુલાઈ, ૨૦૨૪.

**આચાર્ય દેવવ્રત,**
ગુજરાતના રાજ્યપાલ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**એ. કે. રાકેશ,**
સરકારના અધિક મુખ્ય સચિવ.

------------

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2024.08.01 22:18:04 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar